ગાંધીનગર-અમદાવાદના વિકાસ રૂટ વચ્ચે આજથી નવી બસો દોડશે

પ્રથમ તબક્કામાં ૨૫ બસો મુકાશે વિશેષ ડિઝાઈન કલર અને સુવિધા ધરાવતી બસો શહેરની આગવી ઓળખ બનશે

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર-અમદાવાદ વચ્ચે વિકાસ રૂટના નવા નામ સાથે અદ્યતન સુવિધાઓ ધરાવતી નવી ૧૧૬ બસો આગામી ૧૫ ઓક્ટોબર સુધીમાં શરૂ કરી દેવાશે જ્યારે સ્વાતંત્ર્ય દિન નિમિત્તે પ્રથમ તબક્કામાં નરોડા એસ.ટી. કચેરીએથી સવારે ૧૦ કલાકે ૨૫ બસો મુકવામાં આવશે. ટુ બાય ૩ ની નવી બસોમાં મુસાફરો માટે અદ્યતન સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે.

રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના સચિવ પી.ડી. પટેલે આ અંગે જણાવ્યા અનુસાર એસ.ટી. નિગમ દ્વારા ગાંધીનગર-અમદાવાદ વચ્ચે વિકાસ રૂટના નવા નામ સાથે અદ્યતન સુવિધાઓ ધરાવતી ૧૧૬ બસો મુકવામાં આવનાર છે. જ્યારે ૧૫ ઓગષ્ટના રોજ સવારે ૧૦ કલાકે

● અનુસંધાન પાન-૭ પર

સી.એમ. કોન્વોય આડે ગાય આવી અકસ્માત થતા અટક્યો

ગાંધીનગર, તા. ૧૪

શહેરમાં રખડતા ઢોરની સમસ્યા ડામવામાં તંત્રના ઉચ્ચ અધિકારીઓ નિરસતા સેવી રહ્યા છે. જેના પરિણામે રોડ સેફ્ટી સામે મોટુ જોખમ ઉભું થયું છે. માર્ગ વચાળે અચાનક દોટ લગાવતા રખડતા ઢોરના લીધે અનેકવાર જીવલેણ અકસ્માતો સર્જાય છે. જ્યારે આજે સવારે રાયસણ બસ સ્ટેન્ડ પાસે પુરપાટ પસાર થતા સી.એમ. કોન્વોયને પણ અચાનક ગાય આડી આવી જતા શોટ બ્રેક લગાવી પડી હતી. ડ્રાઈવરની સમય સુચકતાના લીધે સદનસીબે મોટો અકસ્માત થતા અટક્યો હતો.

શહેરમાં રખડતા ઢોરની સમસ્યા દિનપ્રતિદિન જટીલ અને જોખમી બની છે. માર્ગ વચાળે અડીંગો જમાવી બેસતા રખડતા ઢોરના લીધે વાહનચાલકો અકસ્માતને ભેટતા હોવાના બનાવો ધ્યાને આવે છે. વરસાદી દિવસોમાં શહેરના મુખ્યમાર્ગો સહીત આંતરિક માર્ગો પર રખડતા ઢોર અડીંગો જમાવીને બેસે છે, જ્યારે ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર પણ નીલગાય સહીત રખડતા ઢોરનો ત્રાસ વધી જતા નિર્દોષ વાહનચાલકો અકસ્માતનો ભોગ બનતા હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. આજે સવારે ૯.૧૫ કલાકે રાયસણ બસ સ્ટેન્ડ સામેના માર્ગ પરથી પસાર થતા મુખ્યમંત્રીના કોન્વોયને પણ રખડતા ઢોરના લીધે અકસ્માત નડતા રહી ગયો હતો. પૂરઝડપે જતા કોન્વોયમાં માર્ગ વચાળે અચાનક જ ગાય દોડી આવતા ડ્રાઈવરે કારને સોર્ટ બ્રેક લગાવી દીધી હતી. જ્યારે કોન્વોયમાં જોડાયેલી અન્ય કાર પણ પાછળ અથડાતા રહી ગઈ હતી. અલબત્ત ડ્રાઈવરની સમયસૂચકતાના લીધે મોટો અકસ્માત સર્જાતા રહી ગયો હતો.

ખૂણે... ...ખાંચરેથી

- ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સ્વાતંત્ર્ય દિનની ઉજવણી નિમિત્તે બંકીમ પાઠક નાઈટનું આયોજન કરાયું છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતના બે અધિકારીઓની આજે બદલી થઈ છે. ડી.ડી.ઓ. અને ડી.એચ.ઓ. બંને બદલાયા છે.
- જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. રાકેશ વૈદ્યને મદદનીશ નિયામક બનાવાયા છે તેમના સ્થાને સુરેન્દ્રનગરથી ડૉ. જાગાણી આવી રહ્યા છે.
- ગાંધીનગર જિલ્લાના એક પણ શિક્ષકની પસંદગી શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ માટે થઈ નથી.
- ગાંધીનગર સે-૮માં રહેતા સંજય થોરાતના માતૃશ્રી તથા સાસુમાનો આજે જન્મદિવસ છે.

ગાંધીનગર શહેર અને જિલ્લા કોંગ્રેસના નિરીક્ષકો નિમાયા

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર શહેરમાં કોંગ્રેસના સંગઠનને મજબુત બનાવવા તેમજ લોકસભાની આવી રહેલી ચૂંટણીઓ માટે કોંગ્રેસ પક્ષે ત્રણ નિરીક્ષકોની નિમણુંક કરી છે.

જે ત્રણ નિરીક્ષકોની નિમણુંક કરવામાં આવી છે તેમાં પૂર્વ ધારાસભ્ય શ્રી ઘનશ્યામભાઈ ઠક્કર, શ્રી બારિન શાહ તથા કુસુમબેન રાઠોડનો સમાવેશ થાય છે. આ નિમાયેલા ત્રણેય સંગઠનના અચ્છા જાણકાર છે. શ્રી ઘનશ્યામ ઠક્કર અગાઉ જિલ્લાના પ્રભારી તરીકે પણ સેવાઓ આપી ચુક્યા છે. જિલ્લા સંગઠનના નિરીક્ષકો તરીકે શ્રીમતિ માયાબેન દવે, શ્રી સી.આર. પટેલ તથા .....ની નિમણુંક કરવામાં આવી છે.

ડૉ. એન.ડી. બુટાણીના માતુશ્રી સુશીલાબાનુ અવસાન

ગાંધીનગરના જાણીતા દંત ચિકિત્સક ડૉ. એન.ડી. બુટાણીના માતુશ્રી અને જાણીતા ગાયનેકોલોજીસ્ટ ડૉ. મીરા એન. બુટાણીના સાસુશ્રી સુશીલાબેન બુટાણીનું દુઃખદ અવસાન આજરોજ દિલ્હી ખાતે થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા. ૧૬-૮-૨૦૧૩ને શુક્રવારના રોજ સાંજે ૪.૦૦ વાગે ૫૮ એ/બીસી, જનકપુરી નવી દિલ્હી-૫૮ ખાતે રાખેલ છે.

નોટીસ

સાંચા કામ સબબે તારીખ ૧૭-૮-૧૩, શનિવારના રોજ સવારના ૧૦-૦૦ કલાકથી સાંજના ૫-૦૦ કલાક સુધી નીચે જણાવેલ વિસ્તારનો વીજ પુરવઠો બંધ રહેશે જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી તકલીફ બદલ ક્ષમા કરશો.

૧. ગર્વનમેન્ટ પ્રેસ, ઓવરહેડ લાઈન

સહી/-
ટોરેન્ટ પાવર લિમીટેડ

૬૭માં સ્વાતંત્ર્ય દિનની હાર્દિક શુભેચ્છા



પ્રવિણભાઈ રાવજીભાઈ પટેલ
પ્રમુખ
તલોદ નગરપાલિકા

૬૭માં સ્વાતંત્ર્ય દિન નિમિત્તે તલોદ નગરપાલિકા વિસ્તારના પ્રજાજનો, મહાનુભાવો, કાર્યકરોને મારી હાર્દિક શુભકામનાઓ...

આપણા દેશની આઝાદી માટે હજારો ક્રાંતિકારીઓએ મા-ભોમની રક્ષા કરવા અને સ્વતંત્રતાની મશાલને જલતી રાખવા માટે પોતાના સમગ્ર જીવનને દેશ માટે સમર્પિત કરી દીધું હતું. ત્યારે આજે આપણે સૌ આ શહીદવીરોને યાદ કરી ભારત દેશ માટે આપણા આ વિસ્તારને વિકાસના પંથે લઈ જઈને દેશ સેવા અને રાષ્ટ્રભાવના જાગૃત રાખીશું.

'વંદે માતરમ્'

સ્વાતંત્ર્યદિનની હાર્દિક શુભેચ્છાઓ સહ...
અનવરભાઈ ડી. વ્હોરા
પંડિત દિનદયાળ ગ્રાહક ભંડાર
મુ. વણસોલ, તા. ઉમરેઠ

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

સ્વાતંત્ર્યદિને તાલુકાના સર્વે નગરજનોને
હાર્દિક શુભકામનાઓ...
શ્રી જી. આર. વસાવા
મામલતદાર
તથા સ્ટાફ અને
કર્મચારી ગણ
મામલતદાર કચેરી
ઉમરેઠ, જી. આણંદ

૬૭માં સ્વાતંત્ર્ય પર્વની
હાર્દિક શુભેચ્છા
શેઠ એચ.પી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ
અને
શ્રીમતી એસ. એન. પંચાલ સાયંસ કોલેજ
ધ્વજ વંદન કાર્યક્રમ તલોદ કોલેજ ખાતે
શ્રી મહેન્દ્રસિંહ કે. બારૈયાના હસ્તે
ધારાસભ્ય, તલોદ/પ્રાંતિજ
સૌ દેશવાસીઓને તેમજ શિક્ષણ પ્રેમીઓને
૬૭માં સ્વાતંત્ર્ય પર્વની હાર્દિક શુભેચ્છા....
ડો. જે. સી. પટેલ - પ્રિન્સીપાલ (આર્ટસ/કોમર્સ કોલેજ)
ડો. એસ. પી. પરીખ - પ્રિન્સીપાલ (સાયન્સ કોલેજ)
તથા
સી. ડી. પટેલ મહાવિદ્યામંડળના હોદ્દેદારો
પ્રમુખ : હિતેન્દ્રભાઈ એસ. ઉપાધ્યાય
મંત્રી : દિનેશભાઈ એસ. પટેલ
મંત્રી : દિનેશભાઈ એસ. પટેલ
કારોબારી સભ્યશ્રીઓ, શિક્ષક ગણ તથા કર્મચારી સ્ટાફ પરિવાર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com